GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST. MEHSANA
Kharvad Medan, Sipor Road, Vadnagar, Dist. Mehsana, Gujarat - 384355
Email : ms-gmers-vadnagar@gujarat.gov.in
Website : www.gmersmchvadnagar.com
Tel.No. : 02761-222331

ક્રમાંક: GMERS/જહોવ/એમ્બ્યુલન્સ વિભાગ/TYRE/ખરીદી /5644/૨૦૨૬
તબીબી અધીક્ષકશ્રીની કચેરી,
જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ,
વડનગર.
તારીખ: ૦૧/૦૭/૨૦૨૬

જાહેર નિવિદા

(Quotation Notice)

વિષય: એમ્બ્યુલન્સ (શબવાહિની) વાહન નં. GJ-02-GA-0926 ના નવા ટાયરોની ખરીદી કરવા અંગેના સીલબંધ ભાવો મંગાવવા બાબત.

જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર હસ્તકની એમ્બ્યુલન્સ (શબવાહિની) વાહન નંબર **GJ-02-GA-0926** માટે વાહનની ટેકનિકલ સલામતી અને દર્દીલક્ષી કટોકટીની સેવાઓ અવિરત રાખવા અર્થે **નવા ૦૫ (પાંચ) નંગ રેડિયલ ટાયર** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત) ખરીદવાના થાય છે.

સદર ટાયરો પૂરા પાડવા માટે રસ ધરાવતી સક્ષમ એજન્સીઓ/પેઢીઓ/અધિકૃત ડીલરો પાસેથી સીલબંધ કવરમાં ક્વોટેશન/ભાવપત્રક મંગાવવામાં આવે છે.

નિયત કરેલ શરતોને આધીન ભાવપત્રકો ઉપર દર્શાવેલ સરનામે **તારીખ: ૨૦/૦૭/૨૦૨૬** ના કચેરી સમય સુધીમાં માત્ર **સ્પીડ પોસ્ટ (Speed Post)** અથવા **રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. (RPAD)** થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ ભાવપત્રકો કોઇ પણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

સીલબંધ કવર ઉપર સ્પષ્ટ અક્ષરે "એમ્બ્યુલન્સ વાહન નં. GJ-02-GA-0926 ના નવા ટાયર ખરીદી અંગેનું ક્વોટેશન" એવું લખવું ફરજિયાત છે.

:: નિયત પત્રક (Item Specification) ::

ક્રમ	ટાયર ઉત્પાદક કંપનીનું નામ (Make/Brand)	ટાયરની ચોક્કસ સાઇઝ અને વિગત (Item Description & Technical Specification)	જથ્થો (Qty)	જી.એસ.ટી. સહિતનો ભાવ પ્રતિ નંગ (Rate per Qty with GST)	ઉત્પાદક કંપનીનો સત્તાવાર ગેરેન્ટી / વોરંટી સમયગાળો (Warranty Period)
૧	CEAT Tyres	**નવા રેડિયલ ટાયર, સાઇઝ: 165R14 LT** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત)	01 નંગ		_____ માસ/વર્ષ
૨	MRF Tyres	**નવા રેડિયલ ટાયર, સાઇઝ: 165R14 LT** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત)	01 નંગ		_____ માસ/વર્ષ
3	APOLLO Tyres	નવા રેડિયલ ટાયર, સાઇઝ: **165R14 LT** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત)	01 નંગ		_____ માસ/વર્ષ
૪	BRIDGESTONE	નવા રેડિયલ ટાયર, સાઇઝ: **165R14 LT** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત)	01 નંગ		_____ માસ/વર્ષ

૫	**GOODYEAR**	નવા રેડિયલ ટાયર, સાઇઝ: **165R14 LT** (વ્હીલ એલાઇનમેન્ટ, બેલેન્સિંગ અને ફિટિંગ ચાર્જ સહિત)	01 નંગ		---------- માસ/વર્ષ

➢ **નિયમો અને નિયત શરતો (Terms & Conditions) :**

1. રસ ધરાવતી એજન્સી/પેઢીએ પોતાના સત્તાવાર લેટરહેડ (Letter Pad) ઉપર પ્રોપ્રાઇટર/અધિકૃત વ્યક્તિની સહી તથા સિક્કા સાથે જ ભાવપત્રક રજૂ કરવાનું રહેશે. ઝેરોક્ષ નકલ કે અધૂરી વિગતોવાળું પત્રક અમાન્ય ગણાશે.

2. નિયત સમયમર્યાદા અને આખર તારીખ બાદ મળેલા ક્વોટેશન કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

3. પેઢી દ્વારા રજૂ કરવામાં આવેલ ભાવોમાં તમામ પ્રકારના સ્થાનિક કરવેરા, નવા ટાયર વાહનમાં ચઢાવવાનો ફિટિંગ ચાર્જ, વ્હીલ એલાઇનમેન્ટ, વ્હીલ બેલેન્સિંગ મજૂરી ખર્ચ તથા GST સહિતના જ સર્વસમાવેશક ભાવો (Net Rate) દર્શાવવાના રહેશે. આ સિવાય કોઈ પણ વધારાનો ચાર્જ સંસ્થા દ્વારા ચૂકવવામાં આવશે નહીં.

4. આ જાહેર નિવિદા પ્રક્રિયા અને ભાવો મંજૂર કરવા અંગેનો આખરી તેમજ અંતિમ નિર્ણય હોસ્પિટલની **સ્થાનિક ખરીદ સમિતિ (Local Purchase Committee)** નો રહેશે, જે તમામ સ્પર્ધક પેઢીઓને બંધનકર્તા રહેશે.

5. સપ્લાય કરવામાં આવેલા તમામ ૦૫ નંગ ટાયરો પર જે-તે ઉત્પાદક કંપની (Manufacturer) ની સત્તાવાર નિયત વોરંટી/ગેરંટી લાગુ રહેશે. વોરંટી સમયગાળા દરમિયાન ટાયરમાં કોઈ પણ ટેકનિકલ કે મેન્યુફેક્ચરિંગ ખામી સર્જાશે તો પેઢીએ પોતાના ખર્ચે નવું ટાયર બદલી આપવું પડશે.

6. **સફળ નિવિદાકાર (વર્ક ઓર્ડર મેળવનાર એજન્સી) દ્વારા વાહનમાં નવા ટાયરો સફળતાપૂર્વક ઇન્સ્ટોલ (ફિટિંગ) કર્યા બાદ, જે-તે ઉત્પાદક કંપનીના સત્તાવાર અસલ ગેરેન્ટી/વોરંટી કાર્ડ (Original Warranty Cards) પેઢીના સહી-સિક્કા સાથે અત્રેની કચેરીના સ્ટોર વિભાગ ખાતે અચૂક જમા કરાવવાના રહેશે, ત્યાર બાદ જ નાણાકીય ચૂકવણી (Payment) ની વહીવટી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.**

7. સત્તાવાર વર્ક ઓર્ડર (Work Order) મળ્યાના **દિવસ-૦૭ (સાત)** ની અંદર નિયત ગુણવત્તાવાળા તમામ ટાયરો હોસ્પિટલ ખાતે સપ્લાય કરી, વાહનમાં વ્હીલ એલાઇનમેન્ટ-બેલેન્સિંગ સાથે ફિટિંગ કરી આપવાની કામગીરી ફરજિયાતપણે પૂર્ણ કરવાની રહેશે.

8. **નિવિદા રદબાતલ કરવાનો અબાધિત અધિકાર:** આ જાહેર નિવિદા પ્રક્રિયાને કોઈ પણ તબક્કે (ભાવપત્રકો ખોલતા પહેલા કે ખોલ્યા બાદ અથવા વહીવટી અનિવાર્યતાના કારણે) કોઈ પણ કારણ આપ્યા વિના

આંશિક કે સંપૂર્ણપણે રદ (Cancel) કરવાનો અથવા બાતલ કરવાનો સત્તાવાર આખરી અધિકાર અત્રેની **"સ્થાનિક ખરીદ સમિતિ (Local Purchase Committee) / તબીબી અધીક્ષકશ્રી"** નો અબાધિત રહેશે,

9. સદર જાહેર નિવિદા પ્રક્રિયા અંતર્ગત સ્થાનિક ખરીદ સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા ટાયરોના ભાવો વર્ક ઓર્ડર/મંજૂરી મળ્યાની તારીખથી ૦૧ **(એક) વર્ષના સમયગાળા સુધી માન્ય (Valid) રહેશે.** આ નિયત સમયગાળા (૧ વર્ષ) દરમિયાન સંસ્થાને જરૂર જણાયેથી, મંજૂર થયેલા સમાન ભાવો અને શરતોને આધીન જ વધારાના ટાયરોની ખરીદી કરવામાં આવશે, જે સંબંધિત એજન્સી/પેઢીને બંધનકર્તા રહેશે. આ બાબતે ભાવોમાં કોઈ પણ પ્રકારનો વધારો કે અન્ય કોઈ આર્થિક દાવો માન્ય રાખવામાં આવશે નહીં

10. સંસ્થાની વહીવટી અનુકૂળતા અને જરૂરિયાત મુજબ, તમામ જથ્થાની ખરીદી એકસાથે ન કરતા, સમયઅંતરે **જરૂર જણાયેથી અલાયદો (અલગથી) વર્ક ઓર્ડર ઇસ્યુ કરવામાં આવશે.** આ રીતે ઇસ્યુ થનારા પ્રત્યેક અલાયદા વર્ક ઓર્ડર મુજબ નિયત સમયમર્યાદામાં માલસામાન પૂરો પાડવાનો રહેશે, જે સંબંધિત એજન્સી/પેઢીને બંધનકર્તા રહેશે

11. ઉપર દર્શાવેલ ક્રમ નં. ૦૧ થી ૧૧ સુધીની તમામ શરતો અને બોલીઓ વર્ક ઓર્ડર મેળવનાર એજન્સી/પાર્ટીને અક્ષરશઃ કબૂલ અને મંજૂર રાખવાની રહેશે.

અત્રેની તા:- ૦૮/૦૭/૨૦૨૬ ની સ્થાનિક ખરીદ સમિતિની મળેલ મંજૂરી અન્વયે ઉક્ત જાહેર નિવિદા પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

તબીબી અધીક્ષક
જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ,
વડનગર

જાહેરાત પ્રસિદ્ધિ સ્થળ

(૧) નોટિસ બોર્ડ, જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર તેમજ સત્તાવાર વેબસાઇટ: gmersmchvadnagar.com
(૨) નોટિસ બોર્ડ, નગરપાલિકા કચેરી, વડનગર, (૩) નોટિસ બોર્ડ, તાલુકા પંચાયત કચેરી, વડનગર,
(૪) નોટિસ બોર્ડ, જાહેર પુસ્તકાલય (Library), વડનગર.